## ગાંધીનગરમાં નવરાત્રી ચોથુ નોરતું

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવના ચોથા નોરતે ગાયક કલાકાર લલિત્ય મુનશવના મધુરકંઠે ગરબાના સુર રેલાશે.
- સાર્વજનિક નવરાત્રી મહોત્સવ દ્વારા સે. ૨૨, ગબ્બરચોક ખાતે ખુશી ઓરકેસ્ટ્રાના પ્રદીપ મેઉવા અને ભારતી મેઉવાના કંઠે રાત્રીના ૯.૩૦ કલાકે ગરબાની રમઝટ જામશે.
- નવરાત્રી મહોત્સવ યુવા સમિતિ દ્વારા સે. ૧૭ ખાતે રાત્રીના ૯.૦૦ કલાકે વિશાલ કવિરાજ ગૃપના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા સે. ૧૧ના થનગનાટ ગરબા ગ્રાઉન્ડ ખાતે ૮.૩૦ કલાકે માધવી ઓઝાના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- નવરાત્રી સમિતિ સે. ૩-ન્યુ દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે પંકજ કાપડીયાના મધુર કંઠે ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સે. ૩-સી શક્તિ ચોક ખાતે રાત્રીના ૮.૩૦ કલાકે દિનેશ કુમાર એન્ડ પાર્ટીના ગાયક કલાકારો ગરબાની રમઝટ બોલાવશે.
- નવરાત્રી મહોત્સવ સમિતિ સે. ૫-સી દ્વારા રાત્રીના ૮.૩૦ કલાકે સે. ૫ ના નવરાત્રી ચોક ખાતે જય મેલડી મ્યુઝીકલ ગ્રુપના નિરંજન સોલંકીના મધુરકંઠે ગરબાની પ્રસ્તુતિ થશે.
- શક્તિ મંડળ દ્વારા સવારના ૧૦ થી ૧૨ કલાક દરમિયાન દિપીકાબેનના યજમાનપદે અંબાજી મંદિર સેક્ટર-૧૪ ખાતે આનંદનો ગરબો યોજાશે.
- સુર્યાબા જસવંતસિંહ રાણાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૦૨/૨, સેક્ટર-૫-સી ખાતે બપોરના ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- વંદે માતરમ પરિવાર દ્વારા રમેશભાઈ પટેલના યજમાન પદે સેક્ટર-૨૮ દત્ત મંદિર ખાતે સાંજના ૪.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## તું કાળી ને કલ્યાણી મા.... જ્યાં જોઉં ત્યાં જોગમાયા....



# સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સમાં માનવ મહેરામણ ઉમટ્યો

## નવરાત્રી ગરબા ગ્રાઉન્ડમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે

ગાંધીનગર, તા.૩ ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો રંગેચંગે પ્રારંભ થઈ ગયો છે. ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમી માતાજીની આરાધના કરી રહ્યા છે. નગરના ખૈલેયાઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે શહેરના સેકટર-૪ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ગ્રાઉન્ડ ખાતે સેકટર-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતી આયોજીત ગરબા ગ્રાઉન્ડમાં ખૈલૈયાઓથી ઉભરાય છે. ગરબામાં ખૈલેયાઓ હૈયે થી હૈયુ દળાવ તેવી પરિસ્થિતિમાં ગરબે ઘુમી શકિત અને ભકિતના પર્વની ઉજવણી કરી રહ્યા છે. ત્યારે આયોજકો દ્વારા ગરબા ગ્રાઉન્ડને સીસીટીવી કેમેરાથી સજજ કરવામાં આવ્યું છે. જયારે મોકળાશવાળુ ગ્રાઉન્ડ અને આધુનિક ટેકનોલોજીવાળુ સાઉન્ડમાં ગરબાપ્રેમીઓ ઝુમી ઉઠે છે. ખાણીપીણી બજારમાં પણ અવનવી ચીજવસ્તુના સ્ટોલ ઉપલ્બધ હોવાથી સ્વાદના શોખીનો પણ મોટીસંખ્યામાં સેકટર-૪ ના ગરબાની મુલાકાતે અચુક આવે છે. સેકટર-૪ ગરબા મેદાનમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. સેકટર-૪માં ઓમકારેશ્વર મંદિર ખાતે છેલ્લા અઢી દાયકાથી નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. સેકટરમાં અલગ અલગ ચોકઠે થતી નવરાત્રી બંધ કર્યા બાદ એક જ સ્થળે નવરાત્રી કરવામાં આવતા સુચારુ આયોજન હેઠળ નવરાત્રી જામી છે. ત્યારે છેલ્લા બે વર્ષથી નવરાત્રીનું આયોજન યુવાવર્ગને આપવામાં આવતા નવરાત્રીનું રુપરંગ મહેનતને પરિણામે બદલાઈ ગયું છે. નવરાત્રીની હોદેદારોની સમિતિમાં મહિલાઓને પણ ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. નવરાત્રીમાં બીજા નોરતે પૃથ્વીરાજ ગ્રુપ પેથાપુર દ્વારા ગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં અર્વાચીન અને પ્રાચીન ગરબાના સંગીતના સથવારે શુરો રેલાવતા ખૈલેયાઓ ઝુમી ઉઠ્યા હતા. સે-૪ નવરાત્રી મહોત્સવ સમિતિના પ્રમુખ હિતેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે સેકટર-૪ માં વિશાળ ગ્રાઉન્ડ ખાતે બે હજારથી વધુ ભાઈ બહેનો સરળતાથી ગરબે રમે છે. જયારે સફાઈ પર વિશેષ ભાર મુકયો છે. ગરબા મેદાન રોજ સવારે સફાઈ થાય છે. જયારે સ્થાનિક કોર્પોરેટર તેમજ મનપા તંત્ર દ્વારા કોઈ સાથ અને સહકાર સાંપડયો નથી તેમ જણાવી રોષ ઠાલવ્યો હતો. ગરબા નિહાળવા માટે આવતા નાગરીકો માટે પાર્કીંગની યોગ્ય વ્યવસ્થા અને મોકળાશ સાથેના ગ્રાઉન્ડમાં ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમે છે.





# સે-૩/બી નવરાત્રીમાં ચોકમાં ભકતોની ભારે ભીડ

ગાંધીનગર શહેરના સેકટર-૩બી નવરાત્રી ચોકમાં સુંદર ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. અઢી દાયકા પહેલા માત્ર ૮૦ પરિવારોએ શરુ કરેલ નવરાત્રીમાં અત્યારે હાલ ૬૦૦ થી વધુ પરિવારો જોડાઈ ગયા છે. અને નવરાત્રીમાં ગરબે ઘુમીને નાના બાળકથી અબાલ વૃદ્ધ સૌ કોઈ માતાજીની આરાધના કરે છે.

સેકટર-૩ બી નવરાત્રી ચોકમાં સતત ૨૪માં વર્ષે ગરબા મહોત્સવમાં પ્રથમ નોરતે ઉરીમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી અને ત્યાર બાદ ગરબાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.નવરાત્રીના નવ દિવસમાં એકવાર વસાહતીઓ દ્વારા સમુહ આરતીનું આયોજન કરવામાં આવે છે.જેમાં માતાજીના બીજા નોરતે સરસ્વતી ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં ગરબો પાટણ શહેરથી આવ્યો રે, માડી તારા મંદિરીયામાં ઘંટારવ ગાજે, મારી મહિસાગરને આરે ઢોલ વાગે છે, કુમકુમ કેરા પગલે માડી ગરબે રમવા આવો, કેશરીયો રંગ તને લાગ્યો રે ગરબા, સહિતના ગરબા તેમજ સંગીતના સથવારે ગરબાપ્રેમીઓ ગરબે ઘુમ્યા હતા. ગરબા ચોકમાં સુંદર ગબ્બર કાર્યરત કરવામાં આવતા નાગરીકો મોટીસંખ્યામાં તેને નિહાળવા માટે છે.જયારે લાઈટ ડેકોરેશન અને સુંદર સજાવટને કારણે અહીંથી પસાર થતા નાગરીકો અચુક મુલાકાત આ શેરી ગરબાની લે છે.



## ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | વીર પટેલ | માધવ મોઢા | શ્રેયા દક્ષિણી | આસ્થા શાહ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | ભાવેશ મગતાણી | રૌય પટેલ | રીધી શુકલ | સાત્રી ઠક્કર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | અભિષેક સોની | વૈભવ વ્યાસ | કથા સુથાર | ઝરણા ભાવસાર |
| બેસ્ટ ડ્રેસ | કૃણાલ શાહ | બિરેન પંચાલ | ધરતી વ્યાસ | હાર્દી પંચાલ |
| બેસ્ટ કિંગ અને ક્વીન | નૈમિષ ભટ્ટ | હિતાથ વસાવડા | ડૉ. વર્ષાબેન પારેખ | હિના કર્ણસાગરા |
| બેસ્ટ પેર | પ્રશાંત પ્રજાપતિ | મેઘના બ્રહ્મભટ્ટ | જીનલ જૈન | અર્ચના બારોટ |
| બેસ્ટ પરફોર્મ્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | મહર્ષિ રાવલ | અભિજીત ચારણીયા | અંજલી તન્ના | સોનલ નાયી |